**R.P.A.D.**

No.CTS/SPPP/2017/ 213
Directorate of Employment & Training
Block No, 3rd Floor,
Dr.Jivraj Mehta Bhavan, Gandhinagar
Date: 27/02/2017

**To,**
Managing Director
International Institute of Management and Technical Studies
53-56, B -Wing, Pariseema Complex, Opp. Zaveri Showroom
C.G.Road, Ahmedabad-380009

**Sub:** -Selection for Industry Partner for the ITIs to be upgraded under the State Sponsored Public Private Partnership (PPP) Scheme...........

Ref:- The Government of Gujarat Resolution No.TLM/15/2012/860957/R-2, Dated 13/06/2016 For State Sponsored PPP Scheme...

Dear Sir,

We would like to thank you for expressing interest in the upgradation of ITIs into Centre of Excellence through State Sponsored Public Private Partnership (PPP) Scheme.

In this context, we are pleased to inform you that, your company is selected as Industry Partner for Industrial Training Institute,**Vadagam(Dhansura)**, Dist.Arvalli, subject to the approval of State Steering Committee for the Centers of Excellence and the Public Private Partnership Scheme headed by Principal Secretary, Labour and Employment Department – Gujarat State. Apart from the further process to finalize your selection as Industry Partner following documents are urgently required to submit Government of Gujarat.

1. Undertaking that the company suggesting name of the Chairman or the Managing Director or one of the Director of the company or the Head of local unit for member of the Institutional Management Committee (IMC) of the ITI, **Vadagam(Dhansura)**. The Director, Employment & Training will finalize the chairman of IMC.
2. Statutory Certificate from Statutory Auditor of Company.
3. Formation of Institute Management Committee.
4. Institute Development Plan prepared in consultation with principal of ITI **Vadagam(Dhansura)**,at the earliest in four copies in suitable transparent file cover (Pl avoid Spiral binding).
5. Memorandum of Agreement, duly signed by chairman of IMC (in four hard copy)
6. Tan/Pan No. once society get registered.

Kindly, submit documents mentioned in Sr.No.(1) to (5) to this office at the earliest. Your co-operation will be highly appreciated.

**Encl:-** Copy of G.R.

Director
Employment and Training
Gandhinagar

Copy to: -Principal, I.T.I, **Vadagam(Dhansura),** Dist. Arvalli for further follow up action and to provide above all five Documents to Industry Partner immediately.

ક્રમાંક/સીટીએસ/પીપીપી/૨૦૧૭/ ૬૩૨
રોજગાર અને તાલીમ કમિશ્નરશ્રી ની કચેરી
બ્લોકનંબર-૧, ત્રીજો માળ
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તારીખ:- ૨૩ /૦૨/૨૦૧૭

પ્રતિ
નાયબ સચિવ શ્રી,
શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

વિષય: નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવિષ્ટ રાજય સરકારના ફંડ માંથી ૦૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજય પુરસ્કૃત પીપીપી યોજના હેઠળ અપગ્રેડ કરવા માટે થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાની વહીવટી મંજુરી અંગે
માંગણીનંબર-૫૭- ૨૨૩૦ શ્રમ અને રોજગાર -ઇ.એમ.પી-૧- સી.ટી.એસ. મહેસુલી તથા મૂડી સદરો માટે

સંદર્ભ : ૧. આ કચેરીનો પત્રક્રમાંક : સીટીએસ/ પીપીપી/ ૨૦૧૬/૧૯૬૬ તા. ૧૭/૧૧/૨૦૧૬
૨. શ્રમ અને રોજગાર વિભાગના પત્રક્રમાંક : પરચ-૧૫૨૦૧૭-૫-આર-૨ તા. ૨૨/૦૨/૨૦૧૭

માનનીય મહોદયશ્રી,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુકે, આ ખાતાની ૦૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજ્ય પુરસ્કૃત પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ હેઠળ અપગ્રેડ કરવા માટે કુલ રૂ. ૧૬૦૦.૦૦ લાખની નવી બાબત, સંદર્ભિત પત્ર-૧ થી રજુ કરવામાં આવેલ હતી. સદર જોગવાઇ પૈકી શ્રમ અને રોજગાર વિભાગના અંદાજપત્ર પ્રકાશન નં. ૧૫ ના પાના LED_77 ઉપર રૂ.૬૦૦.૦૦ લાખ તથા પાન LED_84 ઉપર રૂ.૮૦૦.૦૦ લાખ મળી કુલ રૂ. ૧૪૦૦.૦૦ લાખની રકમની જોગવાઇનો સમાવેશ થયેલ છે. (નકલ સામેલ છે) સદરહુ જોગવાઇમાંથી ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી મેળવવા માટે નીચે મુજબ દરખાસ્ત રજુ કરવામાં આવે છે.

રાજયમાં અમલીકરણ કરવામાં આવી રહેલ, ભારત સરકાર ની અપગ્રેડેશન ઓફ ૧૩૯૬ ગર્વન્મેન્ટ આઇ.ટી.આઇ.થ્રુ પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ સ્કીમ હેઠળ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવા માટે જે માર્ગદર્શીકા નકકી કરવામાં આવેલ છે તેમાં તા.૧/૧/૨૦૦૭ પછી શરૂ થયેલ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવતો ન હતો, જેથી રાજયની ઘણી બધી સંસ્થાઓ તથા ભાડાના મકાનમાં ચાલતી સંસ્થાઓ પી.પી.પી. સ્કીમ હેઠળ મળતાં લાભોથી વંચિત રહેતી હતી, અને આવી સંસ્થાઓને ઇન્ડસ્ટ્રી પાર્ટનર ધ્વારા પી.પી.પી.સ્કીમ હેઠળ લેવા રસ ધરાવતાં હોવા છતાં પણ ભારત સરકારશ્રી ના ક્રાઇટેરીયામાં આવતી ન હોવાથી પી.પી.પી. સ્કીમ હેઠળ આવરી લેવા માટે સમાવેશ કરી શકાતો ન હતો.

આથી ઔ.તા.સંસ્થાઓના તાલીમાર્થીઓને, વિશ્વમાં ઔધોગિક ક્ષેત્રે નિરંતર બદલાતી જતી ટેકનોલોજીને ટેકનોલોજીને અનુરુપ મલ્ટીસ્કીલ્ડ તાલીમ આપી,ગુણવત્તાયુકત તાલીમ ઉપલબ્ધ કરાવી વિશ્વસ્તરીય મલ્ટીસ્કીલ્ડ વર્કફોર્સ તૈયાર કરવા, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ઉદ્યોગોને જરુરી એવા કોર્ષની તાલીમ માટેનું ઇન્ફ્રાસ્ટ્રકચર

વિકસાવવા,તાલીમની ગુણવત્તામાં સુધારા થકી તાલીમની કક્ષા ઉંચી લાવી તાલીમાર્થીઓના કૌશલ્યમાં સુધારો કરવા તથા રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટે પી.પી.પી. યોજનામાં આઇ.એમ.સી.(IMC) ને મળેલ સ્વાયત્તા મુજબ ઉદ્યોગોને જરૂરી તથા જેમાં રોજગારી મળે તેવા વ્યવસાયો પણ શરૂ કરી શકાય તથા રાજયના મહત્તમ વ્યકિતઓને વધુ ગુણવત્તાસભર તાલીમ આપવા તથા તા.૧/૧/૨૦૦૭ પછી શરૂ થયેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને પી.પી.પી. અપગ્રેડેશનનો લાભ મળે તથા રાજયની તમામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ માં એકસુત્રતા જળવાય અને એકસમાન રીતે અપગ્રેડ થાય તેવા શુભ આશયથી, જે સંસ્થાઓને ભારત સરકારશ્રીની પી.પી.પી. સ્કીમથી વંચિત રહી ગયેલ છે તેવી તા.૦૧/૦૧/૨૦૦૭ પછી શરૂ કરવામાં આવેલ હોય તેવી સંસ્થાઓને રાજય સરકારના ફંડથી રાજય પુરસ્કૃત પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) હેઠળ અપગ્રેડ કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ થી રાજય પુરસ્કૃત પી.પી.પી. યોજના રાજયમાં અમલી કરવામાં આવેલ છે.

આ યોજના અંતર્ગત અપગ્રેડેશન હેઠળ આવરી લેવામાં આવતી સંસ્થાઓ માટે ૦૧ ઇન્ડસ્ટ્રી પાર્ટનર નકકી કરવામાં આવે છે. આ ઇન્ડસ્ટ્રી પાર્ટનર સુચવે તે અન્ય ૦૪ ઉધોગના પ્રતિનિધિ મળી કુલ ૦૫ બિન સરકારી સભ્યો તથા (૧)સંબધિત સંસ્થાના આચાર્યશ્રી (૨) જી.સી.વી.ટી.ના પ્રતિનિધિ (૩) સંબધિત જિલ્લા રોજગાર અધિકારી,(૪)સ્થાનિક શૈક્ષણિક વર્તુળના પ્રતિનિધિ(૫) સંબધિત સંસ્થાના શૈક્ષણિક સ્ટાફના પ્રતિનિધિ (૬) સંબધિત સંસ્થાના તાલીમાર્થીઓના પ્રતિનિધિ મળી કુલ ૦૬ (છ) સરકારી સભ્યો મળી કુલ ૧૧ સભ્યોની ઇન્સ્ટીટ્યુટ મેનેજમેન્ટ કમિટી (આઇ.એમ.સી.) નીરચના કરવામાંઆવે છે.આ આઇ.એમ.સી. નુ સોસાયટી એકટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવી તેનુ આઇ.એમ.સી. સોસાયટીમાં રુપાંતર કરવામાં આવે છે. સદરહુ સોસાયટીનુ રાષ્ટ્રીયકૃત બેન્કમાં ખાતુ ખોલાવામાં આવે છે. જે ખાતામાં રાજય પુરસ્કૃત પી.પી.પી. યોજના હેઠળ અપગ્રેડેશન માટે આપવામાં આવનાર સંસ્થાદીઠ મહત્તમ રૂ. ૨૦૦.૦૦ લાખનુ ફંડ જમા કરાવવામાં આવે છે.

રાજય પુરસ્કૃત પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ યોજના હેઠળ અપગ્રેડેશન માટે ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ સુધી અંદાજપત્રમાં સમાવિષ્ટ કુલ ૫૦ સંસ્થાઓ પૈકી, ૫૭ ૨૨૩૦ શ્રમ અને રોજગાર સીટીએસ (પ્લાન ) સદરે નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ ના અંદાજપત્રમાં ૦૫, ૨૦૧૨-૧૩ ના અંદાજપત્રમાં ૦૭, ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં ૨૦, ૨૦૧૫-૧૬માં ૭ તથા ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં ૨૧ મળી કુલ ૬૦ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને આવરી લેવા માટે બજેટ જોગવાઇ મંજુર કરી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જયારે આદિજાતિ વિસ્તારની ૧૭ તથા ખાસ અંગભુત યોજના હેઠળની ૦૩ મળી કુલ ૭૫ ઔ.તા. સંસ્થાઓને આજ દિન સુધી સદરહુ સ્કીમ હેઠળ આવરી લેવાયેલ છે.

વર્ષ ૨૦૦૫-૦૬ માં ભારત સરકારની ડોમેસ્ટીક ફંડિંગથી ડોમેસ્ટિક ફંડથી અપગ્રેડ થયેલ ૮ સંસ્થાઓ અનુક્રમે (૧) કુબેરનગર (૨) સરસપુર (૩) ગાંધીનગર (૪) તરસાલી-વડોદરા (૫) રાજકોટ (૬) સુરત (૭) અંકલેશ્વર તથા (૮) બિલીમોરા ખાતે માળખાકીય સુવિધાઓના અપગ્રેડેશનની જરુરિયાત છે. તે ધ્યાને લેતા,સદરહુ આઠ સંસ્થાઓને રાજય પુરસ્કૃત પી.પી.પી. સ્કીમ હેઠળ આવરી લેવાનુ આયોજન છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં સદરહુ સ્કીમ હેઠળ ઉપરોકત ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ને આવરી લેવા માટે સંસ્થા દીઠ યંત્રસામગ્રી-ફર્નીચર માટે રૂ.૧૦૦.૦૦ લાખ, માઇનોર વર્કસ માટે રૂ.૨૫.૦૦ લાખ તથા અન્યખર્ચ માટે રૂ.૫૦.૦૦ લાખ મળી સંસ્થા દીઠ રૂ. ૧૭૫.૦૦ લાખ લેખે ૦૮ સંસ્થાઓ માટે કુલ રૂ. ૧૪૦૦.૦૦ લાખ ની જોગવાઇનો સમાવેશ અંદાજપત્રમાં થયેલ છે.

જે પૈકી માઇનોર વર્કસ અંતર્ગત મંજુર થયેલ જોગવાઇમાંથી સંસ્થાના મકાનમાં સુધારા-વધારા સંબધિત નાના કામો, માર્ગ અને મકાન વિભાગના નોર્મ્સ અનુસાર આઇ.એમ.સી.સોસાયટીને સોંપવામાં આવેલ સત્તાસોંપણીની મર્યાદામાં સંસ્થાએ કરવાનો રહેશે.

આ ખર્ચ પૈકી યંત્રસામગ્રી-ફર્નીચર માટેનો ખર્ચ ૦૨ વર્ષમાં તથા અન્યખર્ચ ૦૫ વર્ષમાં એટલે કે ૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ દરમ્યાન સંસ્થાના અપગ્રેડેશન માટે કરવાનો રહે છે.

આમ, નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં થયેલ નીચે મુજબની જોગવાઇની વહીવટી મંજુરી મળ્યેથી ઉપરોકત આઠ સંસ્થાઓની આઇ.એમ.સી. સોસાયટીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ સદરે ઉધારવામાં આવશે.(રૂ. લાખમાં)

| | |
|---|---|
| <u>મૂડી જોગવાઇ</u><br>માંગણીનંબર - ૫૭<br>મુખ્ય સદર - ૪૨૫૦ અન્ય સામાજીક સેવાઓ માટે આવર્તક મૂડી રોકાણ<br>પેટા મુખ્ય સદર - ૦૩ તાલીમ<br>ગૌણ સદર - ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ<br>પેટા સદર - (૧) ઇ.એમ.પી.૧ સરકારીઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના, યંત્ર સામગ્રી/સાધનસામગ્રીની ખરીદી | ૮૦૦.૦૦ |
| <u>મહેસૂલી જોગવાઇ</u><br>માંગણીનંબર - ૫૭<br>મુખ્ય સદર - ૨૨૩૦-શ્રમ અને રોજગાર ૨૭૦૦ માઇનોર વર્કસ : ૮૦૦.૦૦<br>પેટા મુખ્ય સદર - ૦૩ તાલીમ ૫૦૦૦ અન્ય ખર્ચ : ૬૦૦.૦૦<br>ગૌણ સદર - ૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ<br>પેટા સદર - (૧) ઇ.એમ.પી.૧ સરકારીઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં કારીગર તાલીમ યોજના | ૬૦૦.૦૦ |
| કુલઃ રૂ. | ૧૪૦૦. ૦૦ |

આમ ઉપરોકત વિગતો ધ્યાને લઇ, નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રાજયમાં ૦૮ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજય પુરસ્કૃત પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ યોજના હેઠળ અપગ્રેડ કરવા માટે રૂ ૧૪૦૦.૦૦ લાખની જોગવાઇ નો ખર્ચ કરવા વહીવટી મંજુરી આપવા વિનંતી છે.

(મુસદ્દો નિયામકશ્રીએ મંજુર કેલ છે.)

આપનો વિશ્વાસુ

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ નિયામક(તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂઃ</u>

ના.નિ.શ્રી, શાખા-ત(બજેટ), તરફ તેઓશ્રીની શાખાનોંધ ક્રમાંક : બજટ/ત/ ૨૦૧૭/૧૬૬ તા. ૨૩/૦૨/૨૦૧૭ અન્વયે જાણ સારૂ.

શ્રમ અને રોજગાર વિભાગ

મંત્રી : શ્રી દિલીપકુમાર ઠાકોર

મુખ્ય સદર : ૨૨૩૦-શ્રમ અને રોજગાર

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

MINISTER-IN-CHARGE : SHRI DILIPKUMAR THAKORE

**Major Head :** 2230 - Labour and Employment

૦૩ તાલીમ

૧૦૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થા

૦૧ EMP-1 સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ યોજના

(૧૩) ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજ્ય પુરસ્કૃત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી) મોડ હેઠળ અપગ્રેડ કરવા બાબત

**Sub Major Head :** 03-Training

**Minor Head :** 101 - Industrial Training Institute

**Sub Head :** 01 - EMP-1 Craftsman Training Scheme in Government Industrial Training Institutes

**Item No :** (13 )Upgradation of infrastructure facilities of Industrial Training Institutions through State sponsored Public Private Partnership (PPP) Mode.

*(રૂ. લાખ માં)*
*(₹. In Lakhs)*

600.00

600.00

સરવાળો : ૬૦૦.૦૦

**Total :** 600.00

આખરી વાર્ષિક આવર્તક રકમ : ૬૫૪.૦૦

**Ultimate Annual Recurrent Amount :** 654.00

અનાવર્તક રકમ : શુન્ય

**Non Recurrent Amount :** Nil

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજ્ય પુરસ્કૃત પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પી.પી.પી) મોડ હેઠળ માળખાકીય સુવિધાઓ અપગ્રેડ કરવાની દરખાસ્ત છે.

આ હેતુ માટે વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રૂ. ૬૦૦.૦૦ લાખની જરૂરિયાત રહેશે.

તદનુસાર વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના અંદાજપત્રમાં આ માટે રૂ. ૬૦૦.૦૦ લાખની રકમની જોગવાઈ કરવાની દરખાસ્ત છે. જે રજૂ કરી છે.

**Remarks :-**

It is proposed for Up gradation of infrastructure facilities of Industrial Training Institutions through State sponsored Public Private Partnership (PPP) Mode.

For this purpose, an amount of Rs. 600.00 lakhs would be required during the year 2017-18.

Accordingly, it is proposed to provide an amount of Rs.600.00 lakhs in the budget Estimates of 2017-18 for which, this New Item is presented.

Statement - II - 2

*(રૂ. લાખ માં)*
*(₹. In Lakhs)*

| Sr. No | Details Of Head | Recurrent Amount for 11months | Non-Recurrent Amount | Ultimate Annual Recurrent Amount | Budget Estimates |
|---|---|---|---|---|---|
| 1 | નાના કામ-2700 - Minor Works | 200.00 | -- | 218.00 | 200.00 |
| 2 | અન્ય ખર્ચ-5000 - Other charges | 400.00 | -- | 436.00 | 400.00 |
| | Total | 600.00 | -- | 654.00 | 600.00 |

શ્રમ અને રોજગાર વિભાગ
LABOUR AND EMPLOYMENT DEPARTMENT

મંત્રી : શ્રી દિલીપકુમાર ઠાકોર
MINISTER-IN-CHARGE : SHRI DILIPKUMAR THAKORE

મુખ્ય સદર : ૪૨૫૦-અન્ય સામાજિક સેવાઓ અંગે મૂડી ખર્ચ-જોગવાઈ
**Major Head :** 4250 - Capital Outlay on other Social Services

| | |
|---|---|
| પેટા મુખ્ય સદર : ૦૦ | **Sub Major Head :** 00 |
| ગૌણ સદર : ૮૦૦ - અન્ય ખર્ચ | **Minor Head :** 800 - Other Expenditure |
| પેટા સદર : ૦૧ - EMP-1 ઓદ્યોગીક તાલીમ સંસ્થામાં કારીગર તાલીમ યોજના | **Sub Head :** 01 - EMP-1 Craftsman Training Scheme in Government Industrial Training Institutes |
| બાબત નંબર : (૨૦ )ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજય પુરસ્કૃત પી.પી.પી મોડ હેઠળ અપગ્રેડ કરવા બાબત | **Item No :** (20 )Up gradation of I.T.I. Through State sponsored Public Private Partnership Mode. |

*(રૂ. લાખ માં)*
*(₹. In Lakhs)*

| | | | |
|---|---|---|---|
| આવર્તક રકમ : શુન્ય<br>**Recurrent Amount :** Nil | અનાવર્તક રકમ : ૮૦૦.૦૦<br>**Non Recurrent Amount :** 800.00 | સરવાળો : ૮૦૦.૦૦<br>**Total :** 800.00 | આખરી વાર્ષિક આવર્તક રકમ : શુન્ય<br>**Ultimate Annual Recurrent Amount :** Nil |

વિશેષ નોંધ :-
ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને રાજય પુરસ્કૃત પી.પી.પી મોડ હેઠળ અપગ્રેડ કરવા ની દરખાસ્ત છે.

આ હેતુ માટે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન રૂ.૮૦૦.૦૦ લાખની રકમની જરૂર છે

તદનુસાર, વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં રૂ. ૮૦૦.૦૦ લાખ ની રકમની જોગવાઈ કરવાની દરખાસ્ત છે. જે માટે આ નવી બાબત રજુ કરી છે.

**Remarks :-**
It is proposed for Up gradation of I.T.I. Through State sponsored Public Private Partnership Mode.

For this purpose an amount of Rs.800.00 lakh is required during the year 2017-18

Accordingly, it is proposed to provide an amount of Rs.800.00 lakhs in the budget Estimates of 2017-18 for which, this New Item is presented

**Statement - II - 2**

*(રૂ. લાખ માં)*
*(₹. In Lakhs)*

| Sr. No | Details Of Head | Recurrent Amount for 11months | Non-Recurrent Amount | Ultimate Annual Recurrent Amount | Budget Estimates |
|---|---|---|---|---|---|
| 1 | યંત્ર સામગ્રી અને સાધન સામગ્રી-5200 - Machinery and Equipment | – | 800.00 | – | 800.00 |
| | Total | – | 800.00 | – | 800.00 |